વાપી, ઔદ્યોગિક નગરી વાપીમાં એક ધનાઢ્ય પરિવારમાં જઘન્ય ઘટના બની છે. જેમાં એક સગા પિતાએ પોતાની જ પુત્રીને વર્ષો સુધી હવસનો શિકાર બનાવી હતી. જોકે પીડિત પુત્રીએ માતાને જાણ કરતા જ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો. અને પીડિતાએ માતાને સાથે રાખી નરાધમ પિતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. આથી પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી સળિયા પાછળ ધકેલી દીધો છે. ઔદ્યોગિક નગરી વાપીના એક પોસ વિસ્તારમાં રહેતા અને દમણમાં ઔદ્યોગિક વિસ્તારમાં એક કંપની ધરાવતા ધનાટય અને સુશિક્ષિત પરિવારમાં ખૂબ જ કલંકિત ઘટના બની છે. જેમાં એક ઉદ્યોગપતિ પિતા હેવાન બની અને પોતાની જ સગીર પુત્રીને વર્ષો સુધી પોતાની હવસનો શિકાર બનાવતો રહ્યો હતો. પીડિત પુત્રી જ્યારે બાર વર્ષની હતી ત્યારથી જ આરોપી પિતા પુત્રીને અવનવી વસ્તુઓ લાવી અને લાલચ આપી શારીરિક દુષ્કર્મ આચરવાનું શરૂ કર્યું હતું. જોકે અત્યારે પુત્રી કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. આથી વર્ષો સુધી પોતાની સાથે બનેલી આ કલંકિત ઘટના અંગે તેણે તેની માતા અને ભાઈને વાત કરી હતી. આથી માતાએ પીડિત પુત્રીને સાથે રાખી વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં નરાધમ પિતા વિરોધ ફરિયાદ દાખલ કરાવી છે. આથી પોલીસે હવસખોર પિતાની ધરપકડ કરી તેને સળિયા પાછળ ધકેલી દીધો છે. સભ્ય સમાજને સર્મસાર કરતી આ ઘટના ની જાણ થતાં જ સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી પિતા પુત્રીને લાલચ આપી આવું કલંકિત કૃત્ય કરતો હતો. જો કે ત્યારબાદ પુત્રીને સમજ પડતા તેને પ્રતિકાર કરવાનો શરૂઆત કરી હતી. જોકે તેમ છતાં રાક્ષસી પિતાએ પુત્રી પર બળજબરી પૂર્વક દુષ્કર્મ કરવાનું ચાલુ જ રાખ્યું હતું અને એક દિવસ પિતાની ગેરહાજરીમાં પુત્રી તેના મિત્ર સાથે બેસેલી હોવાનું આરોપી પિતા જોઈ જતા આ વાતને લઈને પુત્રીને મિત્ર સાથેના સંબંધોની વાત પીડીતાની માતા અને મિત્રના પરિવારજનોને કહી દેવાની ધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આથી પોલીસે આ નરાધમ પિતા ની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વપૂર્ણ છે કે છેલ્લા કેટલાક સમયથી રાજ્ય અને દેશમાં મહિલાઓ બાળકીઓ અને યુવતીઓ સાથે અવારનવાર દુષ્કર્મ અને શારીરિક શોષણની ઘટનાઓ પ્રકાશમાં આવતી રહી છે.અનેક કિસ્સાઓમાં ભોગ બનાર પીડિતાના પરિચિત કે સ્વજનો જ શોષણ કરતા હોવાનું પણ અનેક વખત બહાર આવી ચૂકયું છે. જોકે આ આ નરાધમ પિતાએ તો જાણે માનવતાની તમામ હદ વટાવી પોતાની જ પુત્રીને વર્ષો સુધી ધાક ધમકી અને બ્લેક મેઈલ કરી તેનું શારીરિક શોષણ કરી વર્ષો સુધી દુષ્કર્મ આચરતો રહ્યો હતો. આથી સભ્ય સમાજને કલંકિત કરતી આ ઘટના ને ગંભીરતાથી લઈ આરોપી પિતા ને દાખલારૂપ સજા ફટકારવામાં આવે તે જરૂરી છે.

# ગુજરાત વિધાનસભાની કામગીરી બનશે પેપરલેસ

ગાંધીનગર, વિધાનસભા સત્ર સહિતની સંપુર્ણ કામગીરી પેપરલેસ કરી ડિજિટાઈઝ બનાવવા ગુજરાત વિધાનસભા સજ્જ થઈ ગયું છે. આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરથી યોજાનાર વિધાનસભાનું ચોમાસુ સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. જે અંતર્ગત રાજ્યના તમામ ધારાસભ્યશ્રીઓને નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-દ્નઈફછની તાલીમ આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા ખાતે ધારાસભ્યોશ્રીઓ માટે ચાર દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વર્કશોપ ખુલ્લો મુકતા જણાવ્યું હતું કે, 'વન નેશન વન એપ્લિકેશન'ની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કલ્પના અનુસંધાને ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવાની દિશામાં આજે ગુજરાતે મક્કમ પગલું ભર્યું છે. નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે. રાજ્યના તમામ ધારાસભ્યોને ટેબલેટની મદદથી ટેકનોલોજી આધારિત સમગ્ર કામગીરીમાં જોડાશે અને તે માટે આજથી તમામ ધારાસભ્યોને તાલીમબદ્ધ કરવામાં આવશે.

અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી એ ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં આ એપ્લિકેશનનો વ્યાપ વધારી તેની સાથે રાજ્યના નાગરિકોને જોડી પ્રજાલક્ષી કાર્યો તથા પ્રશ્નોનું ડિજિટલી ત્વરીત નિરાકરણ લાવવા માટેના પ્રયત્નો હાથ ધરાશે. એટલુ જ નહિ, વિધાનસભા કામગીરી સાથે જોડાયેલી તમામ બાબતોને આ એપ્લિકેશનમાં આવરી લઈ ધારાસભ્યશ્રીઓ પણ આંગળીના ટેરવે તમામ માહિતી મેળવી શકશે. ઉપરાંત, ગૃહમાં આવેલા પ્રસ્તાવ પર પોતાનો મત તથા તેમની હાજરી પણ એપ્લિકેશનના માધ્યમથી આપી શકશે. ાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા કરાયેલી ટેબલેટની ઝડપી ખરીદી સહિતની કામગીરી બદલ આભાર વ્યક્ત કરી અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વિધાનસભાના અધિકારી તથા કર્મચારીઓને પણ સમગ્ર વ્યવસ્થાઓ ત્વરિત ઉભી કરવા બદલ અભિનંદન આપ્યા હતા. વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના ડિજીટલ ઈન્ડીયાના સપનાને સાર્થક કરવાની દિશામાં ગુજરાત વિધાનસભા નવતર પહેલ કરવા જઇ રહી છે. આગામી મહિનામાં ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. જે સંદર્ભમાં નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન-દ્નઈફછની તાલીમ આપવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે વિધાનસભાના સભ્યો તથા સચિવ તેમજ વિધાનસભાના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રોહિત શર્માએ નિવૃત્તિ લેવા તરફ કર્યો ઈશારો

નવીદિલ્હી, વર્લ્ડ કપ ૨૦૨૩ શરૂ થવામાં માત્ર એક મહિનાનો સમય બાકી છે. ટીમ ઈન્ડિયાએ એશિયા કપ ૨૦૨૩ અને વર્લ્ડ કપ માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. કેપ્ટન રોહિત શર્મા પણ પોતાનો જૂનો ચાર્મ ફેલાવવા માટે ઘણો પરસેવો પાડી રહ્યો છે. આટલું જ નહીં એશિયા કપ પહેલા પણ તેણે વિરોધી ટીમોને તેની જૂની સ્ટાઈલ માટે પણ સતર્ક કરી દીધા છે. જોકે, કેપ્ટનશિપ બાદ રોહિત શર્માના પ્રદર્શનમાં અગાઉ કરતાં ઘટાડો જોવા મળ્યો હતો.

પરંતુ હવે હિટમેન પાસે પાછું એ જ નામ કમાવવાની સુવર્ણ તક છે. રોહિત શર્માની વધતી ઉંમરને જોતા કહી શકાય કે તે વર્લ્ડકપ બાદ સંન્યાસ લઈ શકે છે. તેણે ઈશારા તરીકે કહ્યું, 'હું આગામી બે મહિના માટે આ ટીમ સાથે ઘણી યાદો બનાવવા માંગુ છું.' વર્ષ ૨૦૨૦ બાદ રોહિત શર્માના બેટથી વનડેમાં માત્ર એક જ સદી જોવા મળી છે. હિટમેને ૨૪ જાન્યુઆરીએ ન્યૂઝીલેન્ડ સામે શાનદાર સદી ફટકારી હતી. આ પહેલા તેણે ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયા સામે ૧૧૯ રન બનાવ્યા હતા. તે વર્ષ ૨૦૧૯ હતું જ્યારે રોહિત શર્મા તેની બેટિંગનાં ટોચ પર જોવા મળ્યો હતો. હિટમેન તે વર્ષે ટુર્નામેન્ટનો ટોપ રન સ્કોરર સાબિત થયો હતો. રોહિતના ૫ સદીની મદદથી ૬૪૮ રન થયા હતા. હવે કેપ્ટન ૪ વર્ષ પછી આ જ અંદાજમાં દેખાવા માંગે છે. રોહિત શર્માએ પીટીઆઈને કહ્યું, 'મારા માટે એ મહત્વનું છે કે હું કેવી રીતે મારી જાતને દબાણથી મુક્ત રાખું છું. હું મારી ભૂમિકા સમજુ છુ અને તેના પર ભાગ ભજવતા બાહ્ય પરિબળો વિશે વિચારતો નથી, પછી તે સકારાત્મક હોય કે નકારાત્મક. હું એ સમયગાળામાં પાછો જવા માંગુ છું જેમાં હું ૨૦૧૯ વર્લ્ડ કપ પહેલા હતો. હિટમેને વધુમાં કહ્યું હતુ કે, 'હું અંગત રીતે મારી તે વિચારધારા પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છું. તે સમયે હું સારી માનસિક સ્થિતિમાં હતો અને ટૂર્નામેન્ટ માટે ખૂબ જ સારી તૈયારી કરી હતી. હું તે માનસિકતા પાછી લાવવા માંગુ છું અને મારી પાસે આમ કરવા માટે હજુ સમય પણ છે. ૨૦૧૯ વર્લ્ડ કપ પહેલા હું એક ખેલાડી તરીકે અને એક વ્યક્તિ તરીકે શું કરી રહ્યો હતો તે યાદ રાખવાનો પ્રયાસ કરી રહ્યો છું.'

# રાજકોટમાં હવે વિદ્યાર્થીઓની સાથે-સાથે વાલીઓએ પણ નિયમો પાળવા પડશે

રાજકોટ, રાજકોટની ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓએ તો નિયમ અને શિસ્તમાં રહેવું જ પડે છે. પરંતુ હવે વિદ્યાર્થીઓની સાથે-સાથે વાલીઓએ પણ નિયમો પાળવા પડશે. વાલીઓ નાઈટ ડ્રેસ, ગાઉન, કેપરી સહિતના ટૂંકા વસ્ત્રો સાથે શાળામાં પ્રવેશ નહીં કરી શકે. આગામી સમયમાં વાલીઓ માટેનો આ નિર્ણય રાજકોટ શહેરની તમામ શાળાઓમાં લાગુ કરાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ વાલીઓને એક માર્ગદર્શિકા આપશે. અને તે પ્રમાણે વાલીઓએ અનુસરવાનું રહેશે. આ નિર્ણય શાળાઓમાં શિસ્ત અને ગરીમાપૂર્ણ વાતાવરણ જળવાય તે માટે લેવાયો છે. બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થાય તે માટે લેવાયો છે. સંચાલક મંડળ પ્રમાણે, રાજકોટની મોટા ભાગની શાળાઓમાં વાલીઓ જ્યારે બાળકોને વહેલી સવારે શાળાએ મૂકવા જાય છે અથવા સવારના સમયે વાલી-મીટિંગમાં જાય છે ત્યારે કોઈ નાઈટડ્રેસમાં હોય છે. તો કોઈ ચડ્ડા કે કેપ્રી પહેરીને શાળા કેમ્પસમાં આવતાં હોય છે. વાલીઓની આવી ટેવને ગંભીરતાથી લઈ તેમને ટકોર કરાઈ છે કે હવેથી બાળકોને લેવા-મૂકવા કે વાલીમીટિંગમાં નાઈટડ્રેસ કે ટૂંકાં કપડાં પહેરીને ન આવવું. જો કોઈ વાલી આ પ્રકારના શિસ્તભંગ કરતાં કપડાં પહેરીને સ્કૂલ કેમ્પસમાં આવશે તો તેમને ગેટ પર જ અટકાવી દેવામાં આવશે. સ્કૂલની અંદર પ્રવેશ આપવામાં નહીં આવે. શાળા-સંચાલકો પ્રમાણે, શાળા એ વિદ્યાનું ધામ છે, વિદ્યાનું મંદિર છે જ્યાં નાઈટડ્રેસ અને ચડ્ડા પહેરીને ન આવી શકાય. બાળક શિસ્ત અને સારા સંસ્કાર શાળામાંથી જ મેળવે છે. જેથી બાળકો પર પણ તેની અસર પડતી હોય છે. શાળા સંચાલકો પ્રમાણે, વાલીઓ કોઈના ઘરે જાય અથવા બહાર ફરવા જાય ત્યારે ઔચિત્ય જળવાય તેવા કપડા પહેરે છે.

તે જ પ્રમાણે શાળામાં પણ શિસ્ત જળવાય તે જરૂરી છે. મહત્વનું છે કે ગઈકાલે મળેલી રાજકોટ સ્વનિર્ભર શાળા-સંચાલક મંડળની કારોબારીમાં ચર્ચા કરાઈ હતી કે- તમામ શાળાઓમાં આ પ્રકારની શિસ્ત કેળવાય તે જરૂરી છે.

# મહીસાગર જિલ્લામાં આદિવાસી સમાજની મહિલાઓ વરસાદની ભીખ માંગવા નીકળી

મહીસાગર, સમગ્ર મહીસાગર જિલ્લામાં ચોમાસાની પ્રારંભમાં સારો વરસાદ થતાં ખેડૂતોએ આગામી સમયમાં પણ સારો વરસાદ થશે તે આશાએ ખેતીના શ્રીગણેશ કરીને પોતના ખેતરોમાં વાવણી કરી દીધી હતી. પરંતુ સમગ્ર ઓગષ્ટ મહિનામાં વરસાદ નહિ થતા ખેડૂતોના ખેતરનો ઉભો પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. જો આવનાર દિવસોમાં વરસાદ નહિ વરસે તો ખેડૂતોને તેમજ પશુપાલન કરતા પશુપાલકો માટે માથે હાથ દઈને રોવાનો વારો આવી શકે છે ત્યારે આવનાર સમયમાં વરસાદ થાય અને ખેતીના પાકને જીવતદાન મળે તે માટે મેઘરાજાને મનાવવા અવનવા નુસખા અપનાવવામાં આવતા હોય છે તેમજ વરસાદ આવે તે માટે વિવિધ સમાજમાં વર્ષો જૂની વિવિધ માન્યતાઓ પણ છે અને આવીજ એક માન્યતા આદિવાસી સમાજમાં પણ જોવા મળે છે. વરસાદ વરસે તે માટે આદિવાસી સમાજ દ્વારા મેઘરાજાને રીઝવવા આદિવાસી સમાજની મહિલાઓ આદિવાસી શૈલીમાં વરસાદની ભીખ માંગવામાં ઘરે ઘરે નીકળતી હોય છે મહીસાગર જિલ્લામાં વરસાદ સરેરાશ ઓછો છે ત્યારે ખાનપુર તાલુકાના છેવાડા ગામોમાં આદિવાસી મહિલાઓ વરસાદ માંગવા માટે નીકળી હતી. રાજસ્થાનની સરહદે અડીને આવેલા ખાનપુર તાલુકાના છાણી ગામે આદિવાસી મહિલાઓ વરસાદ માંગવા નીકળી હતી અને આદિવાસી સમાજની એક માન્યતા એવી પણ છે કે સ્થાનિક લોકગીત ગાઈને ઘરે ઘરે જઈ વરસાદ માંગવામાં આવે તો વરસાદ આવતો હોય છે ત્યારે સ્થાનિક આદિવાસી મહિલાઓ ટોળી બનાવી આદિવાસી શૈલીમાં ગીતો ગાતી વરસાદ માંગવા નીકળે છે અને જેનો આ વિડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, આદિવાસી સમાજની વરસાદ લાવવાની અનોખી માન્યતાથી વરસાદ આવશે કે કેમ તે તો આવનાર નજીકના દિવસોમાં ખબર પડશે.

# ASCI ઍકેડમીની રચના કરવા અસંખ્ય હિસ્સાધારકો એકત્રિત થયા




અમદાવાદ, એડવર્ટાઈઝીંગ સ્ટાન્ડર્ડઝ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ASCI) ASCI ઍકેડમીનુ અનાવરણ કરતા ગર્વ અનુભવે છે, આ એક સૌપ્રથમ પહેલ છે જે વિજ્ઞાપન ઉદ્યોગની ક્ષમતાને વધુ જવાબદાર અને પ્રગતિકારક વિજ્ઞાપન કેમ્પેનનું સર્જન કરવા માટે વિશાળ બનવા માટે સજ્જ છે. ASCIની સ્થાપિત સુધારાત્મક ભૂમિકા કે જે વિજ્ઞાપન પ્રકાશિત થયા બાદ જીવંત થાય છે તેની પર મદાર રાખતા આ અગ્રણી પ્લેટફોર્મ સ્વ-નિયમન અધિકાર વિજ્ઞાપનોના પ્રારંભમાં ધરાવે છે. આજના ડિજીટલ પરિપ્રેક્ષ્યમાં સંત્રિપ્ત કેમ્પેન સમયગાળો અને વિજ્ઞાપનોની સંખ્યામાં આવેલા ઊછાળા દ્વારા વર્ગીકૃત્ત, ASCI ઍકેડમી પ્રભાવકો અને વિદ્યાર્થી સહિત પ્રવર્તમાન અને ભવિષ્યના ઉદ્યોગ વ્યાવસાયિકોને પ્રારંભથીથી નૈતિક આચરણોની ખાતરી રાખતા વિજ્ઞાપનોને લગતા નિયમનો વિશે મૂળભૂત સમજણ સાથે સશક્ત બનાવવાની સ્થિતિમાં છે.

ASCI ઍકેડમીનો મુખ્ય હેતુ એવા વિજ્ઞાપન વ્યાવસાયિકોના સમૂહની રચના કરવાનો છે જે આખરે બ્રાન્ડ્ઝમાં ગ્રાહકોના વિશ્વાસને ટેકો આપતા હોય તેવી વિજ્ઞાપનમાં જવાબદારી ટકાવી રાખવા માટે સમર્પિત હોય.(૨૦-૪)

# વરસાદ ખેચાતા ૮ની જગ્યા હવે ૧૦ કલાક વીજળી અપાશે

ગાંધીનગર, રાજ્યમાં વરસાદ ખેચાતા જગતનો તાત ચિંતિત બન્યો છે. ત્યારે ખેડૂતોને લઈ ઉર્જા મંત્રીએ મોટી જાહેરાત કરી છે. પિયત માટે રાજ્યના ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે, અત્રે ઉલ્લેખનીય છે કે, ૨ કલાક વધુ વીજળી આપવાની સાથો સાથ નર્મદા અને સુજલામ સુફલામમાં સિંચાઈ માટે પાણી છોડવાની પણ જાહેરાત કરાઈ છે મંત્રીએ જાહેરાત કરતા કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી લોકોની સુખાકારી માટે લોક ઉપયોગી નિર્ણયો કર્યા છે, જૂલાઈમાં ૮૦ ટકા વરસાદ થયો છે,અત્યારે વરસાદની ખોટ સર્જાઈ છે પાણી છતાં પાક સુકાય રહ્યો છે. ખેડૂતોની કૃષિ મંત્રીને રજૂઆતો આવી છે જેને લઈ વીજળી અને પાણી આપવાની જાહેરાત કરાઈ છે, વીજળી ખેડૂતોને આઠ કલાક અપાય છે જેની જગ્યા હવે ૧૦ કલાક આપવામાં આવશે. જેમા કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, રાજકોટ, જામનગર તેમજ અમદાવાદ, દ્વારકા, બનાસકાંઠા, જૂનાગઢ, સાબરકાંઠામાં ૧૦ કલાક વીજળી અપાશે. જેને લઈ ૧૨ લાખ ખેડૂતોને ફાયદો થશે. વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, નર્મદામાંથી પાણી છોડવાનો નિર્ણય લેવાયો છે. ૧૪ પાઈપ લાઈનથી સુજલામ સુફલામ યોજના છે તેમાં પણ પાણી છોડવામાં આવશે. સાણંદ અને આસપાસના વિસ્તારો કે જ્યાં ડાંગર થાય છે ત્યાં બે-ત્રણ દિવસમા પણ પાણી અપાશે. ૮૦ ટકા ડેમો ભરાયા છે બાકીના ડેમો માંથી પણ પાણી છોડવામાં આવશે.

# સુરત શહેરમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો

સુરત, ગુજરાતના મોટાભાગના શહેરો રોગચાળાના ભરડામાં છે. તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલો જાણે દર્દીઓથી ઉભરાઇ છે. સુરતમાં રોગચાળો જીવલેણ બન્યો છે. સુરત શહેરમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. જેના કારણે શહેરમાં રોગચાળાથી અત્યાર સુધીમાં ૩૬ લોકોના મોત થયા છે. સુરતમાં ઝાડા ઉલ્ટીના કારણે એક મહિલાનું મોત થયુ છે. પાંડેસરામાં રહેતી મહિલાનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયુ છે. ગઈકાલે પણ એક વૃદ્ધાનું તાવ આવ્યા બાદ મોત થયુ હતુ. છેલ્લા બે મહિનાથી સુરતમાં લોકોના રોગચાળાથી મોત થઈ રહ્યા હોવાનું સામે આવ્યુ છે. ઓગસ્ટ મહિનામાં હોસ્પિટલ દર્દીઓથી ઉભરાતી જોવા મળી રહી છે. ૧૫ દિવસમાં ડેન્ગ્યૂના ૨૪થી વધુ કેસ નોંધાયા છે. સુરતમાં મહાનગરપાલિકાના રોગચાળાને નાથવાની કામગીરીના દાવા પોકળ સાબીત થઈ રહ્યા છે.

Owner : Kalyani Publications PVT LTD. Publisher and Printer : Mayur C. Bhatt. Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2. Published From and Place of Publication : 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

TATA CAPITAL FINANCIAL SERVICES LTD
Registered Address: Tower A, 11th Floor, Peninsula Business Park, Ganpatrao Kadam Marg, Lower Parel, Mumbai- 400013,
Branch Address: Office No 501/502/503/504, 5th Floor, Reegus Business Center, New City Light Road, Surat- 395007

**SALE NOTICE FOR SALE OF IMMOVABLE PROPERTY**
**(Under Rule 8(6) r/w Rule 9(1) of the Security Interest (Enforcement) Rules 2002)**

E-Auction Sale Notice for Sale of Immovable Assets under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with proviso to Rule 8 (6) r/w Rule 9(1) of the Security Interest (Enforcement) Rules, 2002

**LOAN ACCOUNT NO: TCFLA0216000010952783: MR. NAITIK HIREN LAKHANI**

Notice is hereby given to the public in general and in particular to the below Borrower/ Co-Borrower that the below described immovable property mortgaged to Tata Capital Financial Services Ltd. **(Secured Creditor/TCFSL)**, the Possession of which has been taken by the Authorised Officer of Tata Capital Financial Services Ltd. (Secured Creditor), will be sold on **25th Day of September, 2023 "As is where is basis" & "As is what is and whatever there is & without recourse basis".**

Whereas the sale of secured asset is to be made to recover the secured debt and whereas there was a due of a sum **Rs. 1,56,24,616/- (Rupees One Crore Fifty-Six Lakh Twenty Four Thousand Six Hundred and Sixteen Only)** vide **Loan Account No. TCFLA0216000010952783 as on 29.09.2021 demanded vide Notice U/s. 13(2) dated 29.09.2021 from Borrowers/Co-Borrowers, i.e., (1) Mr. Naitik Hiren Lakhani; (2) M/s Earth Realty, through its Partner Mr. Naitik Hiren Lakhani; (3) Mrs. Deepika Naitik Lakhani; (4) Mrs. Ranjanaben Hiren Lakhani, all having address at** B-201, Vaishnodevi Life Style, Opp. Pal RTO, Nishal Circle, Adajan, Gujarat- 395009, **Also having Address at:** Plot No.2 Natura Nature Living, Near La Rivera, Vaghech, Kuvadiya, Navsari, Gujarat- 396445.

Notice is hereby given that, in the absence of any postponement/ discontinuance of the sale, the said property shall be sold by E- Auction at **2.00 P.M.** on the said **25th Day of September, 2023** by TCFSL., having its branch office at **Office No 501/502/503/504, 5th Floor, Reegus Business Center, New City Light Road, Surat - 395007.**

The sealed E- Auction for the purchase of the property along with EMD Demand Draft shall be received by the Authorized Officer of the TATA CAPITAL FINANCIAL SERVICES LTD till **5.00 P.M.** on the said **23rd Day of September, 2023.**

| Description of Secured Assets | Type of Possession Constructive/ Physical | Reserve Price (Rs.) | Earnest Money EMD (Rs) |
|---|---|---|---|
| All the rights, title and interest in Non Agricultural Property bearing Revenue Survey No. 63/3, Block No. 287, Paiki Land, admeasuring 13875.20 Sq. mtrs., Paiki Project Namely "Natura", Paiki as per Approved Plan "A-Type', Plot No. 2, Admeasuring 1313.14 Sq. mtrs., and having Undivided share in Road, admeasuring 269.45 Sq. Mtrs., and in COP, admeasuring 187.25 Sq. Mtrs. of Vaghech Sarbhon at Taluka Bardoli, & Dist Surat. On the, East: Adjoining Lake; On the, West: Adjoining Internal Road; On the, North: Adjoining Plot No. 3; On the, South: Adjoining Plot No. 1. | PHYSICAL | Rs. 89,50,000/- (Rupees Eighty Nine Lakh(s) Fifty Thousand Only | Rs. 8,95,000/- (Rupees Eight Lakh(s) Ninety Five Thousand Only) |

The description of the property that will be put up for sale is in the Schedule. Movable articles/House hold inventory if any lying inside and within secured asset as described above shall not be available for sale along with secured asset until and unless specifically described in auction sale notice. The sale will also be stopped if, amount due as aforesaid, interest and costs (including the cost of the sale) are tendered to the 'Authorized Officer' or proof is given to his satisfaction that the amount of such secured debt, interest and costs has been paid. At the sale, the public generally is invited to submit their tender personally. No officer or other person, having any duty to perform in connection with this sale shall, however, directly or indirectly bid for, acquire or attempt to acquire any interest in the property sold. The sale shall be subject to the rules/conditions prescribed under the SARFAESI Act, 2002. The E-auction will take place through portal **https://disposalhub.com** on **25th Day of September, 2023** between **2.00 PM to 3.00 PM** with unlimited extension of 10 minutes each. All the Bids submitted for the purchase of the property shall be accompanied by Earnest Money as mentioned above by way of a Demand Draft favoring the "TATA CAPITAL FINANCIAL SERVICES LTD." payable at **Surat.** Inspection of the property may be done on **16th Day of September, 2023** between **11.00 AM to 5.00 PM.**

**Note:** The intending bidders may contact the **Authorized Officer Mr. Harangad Bhogal and Mr. Anurodh Julius.**, Email id **harangad.bhogal@tatacapital.com/ anurodh.julius@tatacapital.com** and **Mobile No. +91 8291901835 / 8657439008.**

For detailed terms and conditions of the Sale, please refer to the link provided in secured creditor's website, i.e., **https://bit.ly/3EiGZCv**, or contact Authorized Officer or Service Provider- NexXen Solutions Private Limited

**Place: Surat, Gujarat** **Sd/- Authorized Officer**
**Date: 01.09.2023** **Tata Capital Financial Services Ltd.**

**ટેક્સેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ**
CIN : L29100GJ1989PLC012576
રજી.ઓફિસ : બ્લોક નં.૨૧૦૬, સાંતેજ-ખાત્રજ રોડ, શાહ અલોયસ લિ. પાસે, ગામ-સાંતેજ, તા.કલોલ, જી.ગાંધિનગર-૩૮૨૭૨૧, ગુજરાત . ઈ-મેલ આઈડી : finance@geotexelin.com વેબસાઈટ : www.geotexelin.com
ફોન : ૮૯૮૦૦૨૬૨૨૦ / ૨૬૧૧૦

**નોટિસ**

આથી સૂચના આપવામાં આવે છે કે ટેક્સેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ(કંપની)ની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) કંપની શુક્રવાર, ૨૯ સપ્ટેમ્બર , ૨૦૨૩ ના રોજ સવારે ૧૧.૩૦ (આઈએસટી) વાગ્યે વિડિયો કોન્ફરન્સીંગ (''વીસી'') / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (''ઓએવીએમ'') સવલત દ્વારા યોજાશે. કંપની કાયદા,૨૦૧૩ (''એક્ટ'')ની લાગુ જોગવાઈઓ અને તે હેઠળ રચાયેલ નિયમો ના પાલનમાં સાથે સામાન્ય પરિપત્ર નંબર ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ના ૦૨/૨૦૨૧, ૨૦૨૧/૨૦૨૧ અને ૫ મેં ૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ના ૧૦/૨૦૨૨ ના કોર્પોરેટ બાબતોના મંત્રાલય અને સેબીના પરિપત્ર નંબર તા.૧૨મી મેં, ૨૦૨૦ના રોજ જારી કરાયેલા SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79, ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ જારી કરાયેલા SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11, ૧૩મી મેં, ૨૦૨૨ના રોજ જારી કરાયેલા SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62, અને જાન્યુઆરી ૫, ૨૦૨૩ના રોજ જારી કરાયેલા SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4, અનુસરતા એજીએમની સૂચનામાં નિર્ધારિત વ્યવસાયોના વ્યવહારો પાર પાડવા માટે એજીએમ યોજાશે.
ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક અહેવાલ સાથેની એજીએમ નોટિસ એવા સભ્યોને ઈ-મેલ દ્વારા મોકલવામાં આવશે જેમના ઈ-મેલ આઈડી કંપની/ આરટીએ /ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સાથે નોંધાયેલા છે.
ઈ-મેલ આઈડી નોંધણી કરાવવાની પ્રક્રિયા :
૧. ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, જેમણે કંપની/ આરટીએ સાથે તેમનું ઇ-મેલ આઈડી નોંધાવેલ નથી, તેઓએ કંપનીના રજિસ્ટ્રાર અને શેરટ્રાન્સફર એજન્ટ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. (આરટીએ) ahmedabad@linkintime.co.in ને તથા કંપની invrelations@geotexelin.com ને પણ નીચેના દસ્તાવેજો મોકલીને તેમનું ઇ-મેલ આઈડી નોંધણી /અપડેટ કરવાની વિનંતી કરવામાં આવે છે.
૨. સભ્યોનું નામ, ફોલિયો નંબર, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), મોબાઈલ નંબર, પાનકાર્ડ અને આધાર કાર્ડની સ્વપ્રમાણિત કરેલી સ્કેન કોપી અને સભ્ય દ્વારા નોંધણી /અપડેટ અને સહીં કરેલ ઈમેલ આઈડી પ્રદાન કરતો વિનંતી પત્ર (જોઈન્ટ હોલ્ડિંગના સંજોગોમાં વિનંતી પત્ર પર પ્રથમ નામના શેરધારક દ્વારા સહીં કરવામાં આવશે.)
૩. ડીમેટ સ્વરૂપમાં શેર ધરાવતાં સભ્યો જેમણે તેમનું ઇ-મેલ આઈડી નોંધાવેલ નથી તેઓને તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટસ સાથે નોંધણી /અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.
ભૌતિક સ્વરૂપમાં સભ્યોએ શેરહોલ્ડિંગ કરેલ છે અને જેમણે તેમની બેંકની વિગતો અપડેટ કરી નથી તેમણે ઉપરોક્ત પત્ર સાથે સભ્યના નામ સાથે રદકરેલ ચેકની સ્વપ્રમાણિત કરીને સ્કેન કરેલ નકલ (જોઈન્ટ હોલ્ડિંગના સંજોગોમાં ચેકમાં પ્રથમ નામ પ્રથમ શેર ધારકનું આવશે)મોકલીને અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.
નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ સાથે એજીએમ નોટિસ કંપનીની વેબસાઈટ www.geotexelin.com પર, બોમ્બે સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com પર તથા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા)લિમિટેડની વેબસાઈટ at www.evotingindia.com પર ઉપલબ્ધ રહેશે.
સભ્યો માટે એજીએમ દરમિયાન રિમોટ ઇ-વોટિંગ દ્વારા અથવા ઇ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની રીત એજીએમની નોટિસમાં આપવામાં આવી છે. સભ્યોની એજીએમની સૂચના ધ્યાનથી વાંચવા વિનંતી છે.

ટેક્સેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ માટે,
સહીં
તારીખ : ૩૧મી ઓગષ્ટ, ૨૦૨૩ ધ્રુવી પટેલ
સ્થળ : અમદાવાદ કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફિસર

**PATIDAR BUILDCON LIMTED**
**CIN: L99999GJ1989PTC058691**
REGD. OFFICE: LATI BAZAR, JORAVARNAGAR, DIST. - SURENDRANAGAR, GUJARAT, INDIA - 363020.
www.patidarbuildconltd.in
E-MAIL: patidarbuildconltd@rocketmail.com

**NOTICE OF THE 34th ANNUAL GENERAL MEETING, REMOTE E-VOTING INFORMATION, AND BOOK CLOSURE DATES**

1. Notice is hereby given that the **34th** Annual General Meeting (AGM) of the company **will be held on Tuesday, 26th September, 2023 at 03.00 P.M. through Video Conference (VC)/Other Audio Visual Means (OAVM)** to transact the businesses that will be set forth in the Notice of the Meeting.
2. The aforesaid Notice and the Annual Report of the company for the year ended 31st March, 2023 will be sent in electronic mode to all the members whose e-mail ids are registered with the Company / Depository Participants. The Notice of the AGM and the Annual Report will also be available and can be downloaded from the website of the Company i.e. www.patidarbuildconltd.in and on the website of the Bombay Stock Exchange i.e. www.bseindia.com.
3. **Process for those shareholders whose email ids are not registered with the depositories/ company for procuring user id and password and registration of e mail ids for e-voting for the resolutions set out in this notice:**
   - In case shares are held in physical mode please provide Folio No., Name of shareholder, scanned copy of the share certificate (front and back), PAN (self-attested scanned copy of PAN card), and AADHAR (self-attested scanned copy of Aadhar Card) by email to patidarbuildconltd@rocketmail.com.
   - In case shares are held in demat mode, please provide DPID-CLID (16 digit DPID + CLID or 16 digit beneficiary ID), Name, client master or copy of Consolidated Account statement, PAN (self-attested scanned copy of PAN card), AADHAR (self-attested scanned copy of Aadhar Card) to (patidarbuildconltd@rocketmail.com). If you are an Individual shareholders holding securities in demat mode, you are requested to refer to the login method explained at step 1 (A) i.e. Login method for e-Voting for Individual shareholders holding securities in demat mode.
   - Alternatively shareholder/members may send a request to evoting@nsdl.co.in for procuring user id and password for e-voting by providing above mentioned documents.
   - The Company/RTA shall co-ordinate with NSDL and provide the login credentials to the above mentioned shareholders.
4. Pursuant to section 91 of the companies Act, 2013 and Regulation 42 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Register of Members and the Share Transfer books of the company shall remain closed from **20th September, 2023 to 26th September, 2023** (both days inclusive) for the AGM to be held on **26th September, 2023.**
5. The company is pleased to provide all its members (holding shares both in physical and in electronic form) the facility to exercise their vote through remote e-voting to be provided by NSDL. Members of the company holding shares in physical or dematerialised from as on cut-off date i.e. **19th September, 2023** may cast their votes through remote e-voting. The e-voting shall commence **on 23rd September, 2023 at 9.00 A.M. and end on 25th September 2023 at 5.00 P.M.**
6. **M/s. A SHAH & ASSOCIATES, Practicing Company Secretary (FCS-4713/ CP NO- 6560)** has been appointed as Scrutinizer to scrutinize the remote E- voting process voting at the AGM in fair and transparent manner.
7. The members attending the meeting will be eligible to cast their vote during the AGM. Members who have casted their votes by remote e-voting prior to the meeting may attend the meeting but shall not be entitled to cast their vote again. The cut-off date (i.e. record date) for the purpose of e-voting is **19th September, 2023.**
8. Only those members who have registered themselves as a speaker before **19th September, 2023** days of AGM will be allowed to express their views/ask questions during the AGM.
9. Any person who acquires shares of the company and becomes member of the company after the despatch of the Notice and holding shares as of the "cut-off date" i.e. **19th September, 2023,** may obtain the login ID and password by sending a request at evoting@nsdl.co.in. However, if the member is already registered with NSDL for remote e-voting then the existing user ID and password can be used for remote e-voting.
10. For the process and manner of remote e-voting, members may go through the remote e-voting instructions sent via e-mail to the members whose e-mail IDS are registered with the Company / Depository Participant and physical copy sent to the other members or visit NSDL website https://www.evoting.nsdl.com.
11. In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com or call on toll free no.: 1800 1020 990 and 1800 22 44 30 or send a request to Mr. Sachin Kareliya at evoting@nsdl.co.in

**FOR, PATIDAR BUILDCON LIMITED**
**Sd/-**
**MR. RAJNIKANT PATEL**
**Date: 14-08-2023** **MG.DIRECTOR**
**Place: SURENDRANAGAR** **DIN : 01218436**

**મારૂતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ**

**શેરધારકોને નોટિસ**

આથી સૂચના આપવામાં આવે છે કે મારુતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ("કંપની") ની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") શનીવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૪૫ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ અથવા અન્ય ઑડિયો વિઝ્યુઅલ માધ્યમો ("વીસી/ઓએવીએમ ") દ્વારા યોજવામાં આવશે. કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોની લાગુ જોગવાઈઓ અનુસાર સાથે વાંચવામાં આવેલ કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૦, પરિપત્ર નં. ૦૨/ ૨૦૨૧ તારીખ ૧૩મી જાન્યુઆરી ૨૦૨૧, ૦૨/૨૦૨૨ તારીખ ૦૫મી મે ૨૦૨૨ અને તાજેતરમાં ૧૦/ ૨૦૨૨ તારીખ ડિસેમ્બર ૨૮, ૨૦૨૨ અને SEBI દ્વારા જારી કરાયેલ તેના પરિપત્ર નં. SEBI/HO/CFD/ CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦, પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/ CIR/ P/2021/11 તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧, SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/ 62 તારીખ ૧૩મી મે, ૨૦૨૨ અને SEBI/HO/CRD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૫જાન્યુઆરી, ૨૦૨૩ એ કંપનીને ૨૯મી એજીએમ નોટિસમાં દર્શાવેલ વ્યવસાયના વ્યવહાર માટે સામાન્ય સ્થળ પર સભ્યની હાજરી વિના વીડિયો કોન્ફરન્સિંગ અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("વીસી/ઓએવીએમ ") દ્વારા એજીએમ યોજવાની મંજૂરી આપી હતી. ઉપરોક્તને ધ્યાનમાં રાખીને અને કંપની અધિનિયમ, ૨૦૧૩ અને ઉપરોક્ત પરિપત્રની લાગુ જોગવાઈના પાલનમાં, કંપનીની ૨૯મી એજીએમ વીસી/ઓએવીએમ દ્વારા હાથ ધરવામાં આવશે અને એજીએમ સ્થળે સભ્યોની શારીરિક હાજરી ની જરૂરી નથી. સભ્યો વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજરી આપી શકે છે અને ભાગ લઈ શકે છે.
ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક અહેવાલ સાથેની એજીએમ નોટિસ એવા સભ્યોને ઈમેઇલ દ્વારા મોકલવામાં આવશે જેમના ઈમેઇલ સરનામાં કંપની/આર ટી એ/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ ઓ સાથે નોંધાયેલા છે.
નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ સાથેની એજીએમ નોટિસ કંપનીની વેબસાઈટ www.marutiinfra.in પર અને બોમ્બે સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.
જે સભ્યોએ હજુ સુધી કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ/ આર ટી એ સાથે તેમનું ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવ્યું નથી તેઓ એજીએમ અને વાર્ષિક અહેવાલ ની સુચના મેળવવા અને વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજરી આપવા માટે ઈ-વોટીંગ ના લોગીન માટે ની વિગતો નીચે ના દસ્તાવેજો ને કંપની ના આર ટી એ લીંક ઈન ટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ને ahmedabad@linkintime.co.in પર મોકલે અને કંપનીને maruti_infra@yahoo.com પર પણ મોકલી શકે છેઃ
(a) ફિઝીકલ શેરધારકો માટેઃ સભ્યોના નામ, ફોલિયો નં., મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી, શેર પ્રમાણપત્રની નકલ (આગળ અને પાછળ), પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલનો ઉલ્લેખ કરતો યોગ્ય સહી કરેલ વિનંતી પત્ર મોકલવો.
(b) ડીમેટ શેરધારકો માટેઃ સભ્યના નામ, ડીમેટ ખાતાની વિગતો, ઈમેલ આઈડી, મોબાઈલ નંબર અને પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલનો ઉલ્લેખ કરતો યોગ્ય સહી કરેલ વિનંતી પત્ર મોકલવો.
ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યોને તેમના ઈમેલ એડ્રેસ, મોબાઈલ નંબર, પત્રવ્યવહાર સરનામું, બેંકની વિગતો વગેરેની નોંધણી/અપડેટ કરવા કંપની ના આર ટી એ લીંક ઈન ટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ને વિનંતી કરે અને ડિમિટિરાઇઝડ મોડ માં શેર ધરાવતા સભ્યોને તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સાથે ઉપરોક્ત વિગતોની નોંધણી/અપડેટ કરવા વિનંતી કરે.
સભ્યો માટે એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ દ્વારા અથવા ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની રીત એજીએમ નોટિસમાં આપવામાં આવશે.
ઉપરોક્ત બાબતે કોઈપણ પ્રશ્ન હોય તો, કંપનીના સભ્યો ઉપર ઉલ્લેખ કરેલ ઈમેલ આઈડી અને ટેલિફોન નંબર પર અમારો સંપર્ક કરી શકે છે.

મારૂતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ વતી
સહી/-
તારીખ : ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૩ અલ્ફેઝ સોલંકી
સ્થળ : અમદાવાદ કંપની સેક્રેટરી અને કંમ્પલાયંસ ઓફિસર

રજીસ્ટર્ડ ઓફિસ.૮૦૨, સરમાઉન્ટ,રીલાયન્સ માર્ટની સામે,ઈસ્કોન ચારરસ્તા,એસ.જી. હાઈવે, અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન નંબરઃ ૦૭૯-૪૦૦૯૩૪૮૨ - ઈમેઈલઃ maruti_infra@yahoo.com વેબ : www.marutiinfra.in
સીનઃ L45100GJ1994PLC023742